PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૮/કવા–૦૩/૧૬–૧૭/ ૪૬ તા. ૧૮/૦૧/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
લાખાભાઈ બચુભાઈ સોરઠીયા,
ખોડિયાર ડેરી ફાર્મ,
બ્રાહમણીયા પરા, ત્રાસીયો રોડ
પાણીના ઘોડા પાસે, પેડક રોડ,
રાજકોટ
મો: ૯૯૭૪૨ ૦૮૦૮૦

**વિષય :–ઈલેકટ્રીક ડયુટી બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૩૦–૧૧–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૮/કવા–૦૩/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. :૪.)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, આજી–૧ પેટા વીભાગીય કચેરી,રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

[ No: 06/A ]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૩૮/કવા–૦૩/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૬–૧૨–૧૬ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: લાખાભાઈ બચુભાઈ સોરઠીયા,ગામ: રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે ધીરજલાલ રવજીભાઈ ભાખર હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : આજી–૨ પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ)

રજુઆત કરનાર :એન.ડી.પનારા, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ

## : હુકમ :

### ફરીયાદ : ઈલેકટ્રીક ડયુટી બાબત

### મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓ શ્રી ના '' ખોડિયાર ડેરી ફાર્મ '' ના નામના, '' ડેરી ઉર્ધોગ'' વાળા જોડાણ નં.: ૮૭૨૦૧/૫૫૧૫૭/૪ મા, અગાઉ ઘણા વર્ષો થી '' ઉત્પાદકીય હેતુ અન્વયે '' ૧૦% વીજકર વસુલ થતો હતો. જ્યારે, હાલ અચાનક સદર વીજકર '' ૧૦% વીજકર ને બદલે ૨૫% વીજકર '' મુજબ ની ગણતરીએ, પાછલી અસરથી ગણી, તફાવતીય રકમ રૂ.૧૯,૨૯૭/– નુ વીજબીલ જે અપાયેલ છે, તે બીલ ને, રાજય સરકાર શ્રી ના વીજકર ખાતાના ધારાધોરણ અન્વયે ના, પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમ મુજબ મુલવવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

### મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, અને મૌખીક ચર્ચાઓ તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના, વાણીજય સ્થળ પર આવેલ એવા બાંધકામ ના સંકુલ પર કુલ ૦૪ જોડાણો હૈયાત છે. આ સંકુલ મા, ગ્રાઉન્ડ ફલોર પર, વાણીજય હેતુની, કુલ ૦૨ દુકાનો આવેલ છે. આ બન્ને દુકાનો મા, વાણીજય હેતુ ના, અલગ અલગ દુકાન મા અલગ અલગ એમ ૦૨ વાણીજય જોડાણો આવેલ છે. અને બન્ને દુકાનો ના અલગ અલગ જોડાણો ના મીટરો સ્વતંત્ર દુકાન મા આવેલ છે. જેમકે, (૧) શ્રી લાખાભાઈ બચુભાઈ સોરઠીયા ના નામનુ, ગ્રાહક નં. : ૮૭૨૦૧/૫૫૧૫૭/૪ (૩ કીવો) જોડાણ, જે ''ડેરી ઉર્ધોગ''ના હેતુ માટે નુ, '' ખોડિયાર ડેરી ફાર્મ '' ના નામની દુકાન મા, તા.૧૩–૦૯–૨૦૦૧ થી હૈયાત છે. (૨) શ્રી લાખાભાઈ બચુભાઈ સોરઠીયા ના નામનુ, ગ્રાહક નં. : ૮૭૨૦૪/૧૬૧૮૫/૮ ( ૦.૫ કીવો) જોડાણ, જે વાણીજય હેતુ માટે નુ, '' અક્ષર હાર્ડવેર '' ના નામની દુકાન મા, તા.૧૫–૦૯–૨૦૦૫ થી હૈયાત છે. તેમજ, સદર '' અક્ષર હાર્ડવેર'' નામની દુકાન મા આવેલ ગ્રાહક નં. : ૮૭૨૦૪/૧૬૧૮૫/૮ ( ૦.૫ કીવો) જોડાણ નો વીજપુરવઠો, જે બાજુમા આવેલ '' શ્રીજી પ્લાયવુડ '' ની દુકાન મા કરવામા આવે છે. આમ, શ્રીજી પ્લાયવુડ ની દુકાન મા અલગ જોડાણ ન હોવાના કારણોસર, '' અક્ષર હાર્ડવેર '' વાળી દુકાન મા આવેલા વાણીજય જોડાણ નં.: ૮૭૨૦૪/૧૬૧૮૫/૮ (૦.૫ હોપા) નો વીજપુરવઠો, જે '' અક્ષર હાર્ડવેર '' તેમજ '' શ્રીજી પ્લાયવુડ '' એમ બન્ને દુકાનો મા વપરાય છે. હાલ, લાખાભાઈ બચુભાઈ સોરઠીયા ના નામનુ '' ખોડિયાર ડેરી ફાર્મ '' વાળી દુકાન મા આવેલ ઘરવપરાશ વીજજોડાણ, જે અરજદાર શ્રી ની તા.૦૨–૧૨–૧૬ ના રોજ ની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ દ્વારા તા.૦૯–૧૨–૧૬ ના રોજ સદર સંકુલ ના પાર્કીંગ મા શીફટીંગ કરાયેલ છે. તેમજ '' શ્રીજી પ્લાયવુડ '' ની દુકાન માટે અરજદારે નવુ જ જોડાણ મેળવવા માટે ની માંગણી પણ પીજીવીસીએલ મા કરેલ છે. |
| ૨.૨ | ઉપરોક્ત મુદદા નં.૨.૧ મુજબ ની વિગતે ના, સંકુલ ના પ્રથમ માળે, કુલ ૦૨ રહેઠાણ ના ફલેટ છે. તે બન્ને ફલેટ મા, અલગ અલગ એવા પ્રત્યેક ફલેટ મા, કુલ ૦૨ ઘરવપરાશ વીજજોડાણો, અનુક્રમે (૧) શ્રી લલીતભાઈ લાખાભાઈ સોરઠીયા ના નામનુ, ગ્રાહક નં. : ૮૭૨૦૭/૦૨૫૪૬/૭ (૩ કીવો), તા.૩૦–૦૭–૧૯૯૪ થી હૈયાત છે. તેમજ, (૨) રૂપેશભાઈ લાખાભાઈ સોરઠીયા ના નામનુ, ગ્રાહક નં. : ૮૭૨૦૭/૦૫૧૦૬/૯ ( ૩ કીવો), જે તા.૨૬–૦૧–૨૦૧૦ થી હૈયાત છે. |

| | |
|---|---|
| ૨.૩ | ઉપરોક્ત મુદ્દા નં.૨.૨ મુજબ ની વિગતેના, કુલ ૦૨ રહેઠાણ ના જોડાણો ના મીટરો, અનુક્રમે (૧) શ્રી લલીતભાઈ લાખાભાઈ સોરઠીયા ના નામના, ગ્રાહક નં. : ૮૭૨૦૭/૦૨૫૪૬/૭ (૩ કીવો) નુ મીટર, જે – લાખાભાઈ જબુભાઈ સોરઠીયા ના નામનુ, ગ્રાહક નં. : ૮૭૨૦૧/૫૫૧૫૭/૪ (૩ કીવો) જોડાણવાળા– '' ખોડિયાર ડેરી ફાર્મ '' ના નામની દુકાન મા લગાડવામા આવેલ છે. જયારે, (૨) રૂપેશભાઈ લાખાભાઈ સોરઠીયા ના નામનુ, ગ્રાહક નં. : ૮૭૨૦૭/૦૫૧૦૬/૯ (૩ કીવો) નુ મીટર, જે – સદર સંકુલ ના મેઈન ગેઈટ ની એન્ટ્રી પર લગાડવામા આવેલ છે. |
| ૨.૪ | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૧ થી ૨.૩ મુજબ ની વિગતે વર્ણવેલ એવા, સદર સંકુલ મા આવેલ કુલ ૦૪ જોડાણો નો વીજપુરવઠો, જે – તે જોડાણ ની પ્રીમાઈસીસ મા જ વપરાય છે. પરંતુ, એક બીજા જોડાણ નો વીજપુરવઠો – એક બીજા જોડાણ સાથે ઈન્ટર ચેન્જ થતો નથી. પ્રત્યેક જોડાણ ના, પ્રત્યેક બીલીંગ ના, વીજવપરાશી યુનીટ દર્શાવતા, પ્રત્યેક જોડાણો ના પી.આર.ટી.–૧૪૫ ની નકલો સાથે જોડેલ છે. જેની વિગતો અભ્યાસે લેતા – એક બીજા જોડાણનો વીજપુરવઠો એક બીજા જોડાણ મા ઈન્ટરચેન્જ થતો હોવાની બાબત ને સમર્થન આપતા –એવા કોઈ ચોકકસ જોડાણ ના બીલીંગ મા, અસાધારણ યુનીટ નો વીજવપરાશી નોંધાયેલ હોવાની બાબત પણ – સદર ૦૪ જોડાણો ના કોઈ પણ પી.આર.ટી.–૧૪૫ મા જણાયેલ નથી. |
| ૨.૫ | પીજીવીસીએલ ની ઓડિટ ટીમ દ્વારા, સબંધક આજી–૨ પેટા વીભાગીય કચેરી ના નિયમીત ઓડિટ દરમ્યાન, '' ઓડિટર '' શ્રી દ્વારા, ''સદર ડેરી ઉદ્યોગ વાળા જોડાણ નં.: ૮૭૨૦૧/૫૫૧૫૭/૪ મા,'' સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહી અને કરાયેલ નિરીક્ષણ દરમ્યાન, સદર '' ડેરી ઉદ્યોગ '' વાળા વીજપુરવઠા નો વીજવપરાશ '' બાજુમા આવેલ એવી દુકાન મા – પ્લાયવુડ– કોમર્શીયલ '' ની દુકાન માટે થતો હોવાની બાબત, જે ઓડિટર ને જણાયેલ હતી. જેથી, સદર '' ડેરી ઉદ્યોગ વાળા જોડાણ નં.: ૮૭૨૦૧/૫૫૧૫૭/૪ મા,'' મા હૈયાત વીજકર '' ૧૦% ( ઉદ્યોગ) વીજકર ને બદલે ૨૫% ( વાણીજય) વીજકર '' મુજબ તબ્દીલ કરવા પાત્ર હોવાની બાબત, ઓડિટર ને જણાયેલ હતી. તેવા, સદર ''ડેરી ઉદ્યોગ વાળા જોડાણ નં.: ૮૭૨૦૧/૫૫૧૫૭/૪ '' જે, અગાઉ તા.૧૩–૦૯–૨૦૦૧ થી હૈયાત હોય, જેથી, સદર જોડાણ મા '' સદર વીજકર તબ્દીલી '' જે, પ્રવર્તમાન સમયે કચેરી મા હૈયાત / ઉપલબ્ધ રહેલ એવા રેકર્ડ ને આનુષાંગીક રહીને, જુલાઈ–૨૦૧૦ ની, પ્રાશ્ચ્યાત અસર ની ગણતરીએ થતી, તફાવતીય રકમ રૂ.૧૯,૨૯૭/– નુ પુરવણીબીલ જે ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ છે, તે બીલ ને, રાજય સરકાર શ્રી ના વીજકર ખાતાના ધારાધોરણ અન્વયે ના, પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમ મુજબ જ હોવાનો, અત્રે થી અભિપ્રાય રજુ કરાયેલ છે. |
| ૨.૬ | વિશેષમા,'' ઓડિટર દ્વારા કરાયેલ સ્થળ ચકાસણી '' – જે – '' હૈયાત જોડાણ નો વીજપુરવઠો અન્ય જગ્યા પર સપ્લાય થતો હોય''– સદર બાબત તાંત્રીક આનુષાંગીક હોય – જેથી, સબંધક કચેરી ના જવાબદાર ઈજનેર તેમજ, ફરીયાદી અરજદાર શ્રી ને સાથે રાખીને કરાયેલ સ્થળ રોજકામ – જે સબંધક ઈજનેર / ઓડિટર / ગ્રાહક શ્રી ની સહી સાથે ના કરાયેલ – કાયદેસર ના, '' સ્થળ રોજકામ '' ની નકલ, ફોરમ કમિટી સમક્ષ રજુ કરવાનો, ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર તરફથી પીજીવીસીએલ ને આદેશ થયેલ હતો. પરંતુ, સદર સ્થળ ચકાસણી ની આગવી જાણકારી, જે સબંધક કચેરી ના જવાબદાર અધિકારી ને આપ્યા વગર, તેમજ સદર સ્થળ ચકાસણી સમયે, જવાબદાર અધિકારી ને સાથે રાખ્યા વગર, માત્ર સબંધક ઓડિટર દ્વારા જ, સદર સ્થળ ચકાસણી કરવામા આવેલ છે. તેમજ, સબંધક ઓડિટરે જ માત્ર, એટલેકે એકલી વ્યકિતએ જ , સ્વતંત્ર પણે જ, સદર સ્થળ ની, સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહીને, અંગત રાહે ચકાસણી કરેલ છે. આ સ્થળ ચકાસણી નો લેખીત અહેવાલ પણ ઓડિટર તરફથી સબંધક કચેરી ના જવાબદાર ઈજનેર સમક્ષ જે તે સમયે રજુ કરાયેલ નથી. તેમજ, આ સ્થળ ચકાસણી સમયે, સબંધક ઓડિટરે, સબંધક કચેરી ના કોઈ અન્ય સ્ટાફ ને પણ સાથે રાખીને, સદર સ્થળ ચકાસણી કરેલ પણ નથી. આવા કારણોસર, ફોરમ કમિટી દ્વારા માંગવામા આવેલ સદર પ્રકારના નિયમાધીન એવા '' વિધીસર ના સ્થળ રોજકામ ની નકલ '' પીજીવીસીએલ તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થઈ શકે તેમ નથી. |
| ૨.૭ | વિશેષમા, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૬ મુજબ ની વિગતેના, સવાલવાળા ઓદ્યોગીક વીજજોડાણ નો વીજપુરવઠો, જે, '' ઓદ્યોગીક હેતુ ને બદલે વાણીજય હેતુ મા '' થતો હોવાની બાબત, જે '' ઓડિટર '' દ્વારા કચેરી મા રજુ થયેલ હતી. સદર વીજકર તબ્દીલી ની, '' ફરીયાદી અરજદાર શ્રી ને – ખાસ નોટીસ '' જે પીજીવીસીએલ તરફથી અપાયેલ ન હતી. પરંતુ, સદર વીજકર તબ્દીલી,( અગાઉ ના – ૧૦% વીજકર ને બદલે – ૨૫% વીજકર મુજબ ની ગણતરી અન્વયે થતી – તફાવતીય ૧૫% વીજકર મુજબ ની વસુલાત ની ગણતરી), જે જુલાઈ–૨૦૧૦ થી અસરકર્તા કરી અને, તે ગણતરીએ, માહે જુલાઈ–૨૦૧૦ થી માહે સપ્ટેમ્બર–૨૦૧૬ સુધી ની તફાવતીય વીજકર ની રકમ રૂ.૧૯,૨૯૭/–, જે અરજદાર ના સદર '' ખોડિયાર ડેરી ફાર્મ ના જોડાણ નં.: ૮૭૨૦૧/૫૫૧૫૭/૪ ના બીલીંગ ખાતામા '' ઉધાર કરાયેલ છે. અને તે અન્વયે નુ ફરીયાદી અરજદાર શ્રી ને સવાલવાળુ પુરવણીબીલ અપાયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ખાસ કરીને વીજજોડાણ ની, તાંત્રીક / હિસાબકીય / વહીવટીય બાબતો ને અનુલક્ષીને, વીજકંપની દ્વારા મુકરર કરાયેલ નિયત એવી '' તાંત્રીક / બીલીગ / વહીવટીય – બીલીગ વર્ગ અન્વયે ની કેટેગરી'' મા જો કોઈ ચોકકસ પ્રકાર ની, ભુલ કે ખામી વીજકંપની ના ધ્યાને આવે, તો આવા કેઈસ મા, '' આવા ચોકકસ જોડાણ મા જણાયેલ એવી ચોકકસ પ્રકાર ની ભુલ કે ખામી ને દુર કરી, અને નિયમાધીન રીતે નિયત થયેલ વર્ગીકરણ મા મુકવાની બાબત – જે, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની માર્ગદર્શીકા ને આનુષાંગીક એવી, વીજવિતરણ કંપની મા પ્રવર્તમાન એવી નિયમાધીન અંતર્ગત ની પ્રણાલી અન્વયે, વીજવીતરણ કંપની માટે યોગ્ય અને વ્યાજબી છે. ખાસ કિસ્સામા જરૂર જણાયે, સદર પ્રકાર ની કાર્યવાહી, જે સબંધક કચેરી ના જવાબદાર અધિકારી દ્વારા, આવા જોડાણ વાળા સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહીને, તેમજ જોડાણકાર ને પણ સાથે રાખીને, વિધીસર ની સ્થળ ચકાસણી / રોજકામ, જે જોડાણકાર ની હાજરી અને સહી હેઠળ થવાની બાબત પણ, વીજકંપની માટે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી છે. તદ ઉપરાંત, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની માર્ગદર્શીકા અંતર્ગત, '' ચોકકસ જોડાણ મા જણાયેલ ચોકકસ પ્રકાર ની ભુલ / ખામી ની જાણકારી જોડાણકાર ને આપી, અને તે મુજબ યોગ્ય સુધારણા કરાયેલ / કરવા જરૂરી હોવા બાબતેની '' ચોકકસ દિવસ ની સમયમર્યાદા ( દિન–૦૭ / દિન–૩૦ ની સમયમર્યાદા ) ની નોટીસ જોડાણકાર ને આપવાની બાબત પણ વીજકંપની માટે, નિયમાધીન યોગ્ય છે. |
| ૩.૨ | ફોરમ સમક્ષ ના, સવાલવાળા સદર કેઈસ મા, ફરીયાદી અરજદાર શ્રી ના '' ખોડિયાર ડેરી ફાર્મ ના જોડાણ નં.: ૮૭૨૦૧/૫૫૧૫૭/૪ મા (૩ કીવો) '' નુ જોડાણ – જે પ્રથમ થી જ, એટલેકે તા.૧૩–૦૯–૨૦૦૧ થી જ '' ડેરી ઉદ્યોગ ના હેતુ માટેનુ '' હોય – તે જોડાણ ની બીલીગ કેટેગરી અન્વયે ના '' તફાવતીય વીજકર'' ના કેઈસ ની સદર બાબત મા – પીજીવીસીએલ ના સબંધક ઓડિટર તરફથી, સદર જોડાણ ના સ્થળ ની વ્યકિતગત પણા હેઠળ ની અંગત મુલાકાત લઈ – અને, ઓડિટર શ્રી એ તેઓ શ્રી ની અંગત રાહે, સદર જોડાણ ને '' બીલીગ કેટેગરી અન્વયે ના – તફાવતીય વીજકર '' હેઠળ મુકરર કરેલ છે. ''બીલીગ કેટેગરી અન્વયે ની તફાવતીય વીજકર'' ની બાબત, એટલેકે '' સદર ઔદ્યોગીક વીજજોડાણ નો વીજપુરવઠો– જે ઔદ્યોગીક હેતુ ને બદલે વાણીજય હેતુ માટે વપરાતો હોવાની મુકરર કરતી બાબત'' જે, સંપુર્ણ પણે તાંત્રીક બાબતો ને આનુષાંગીક હોવા છતા, પીજીવીસીએલ ના ઓડિટરે, તાંત્રીક દ્રષ્ટીએ સક્ષમ એવા કચેરી ના સક્ષમ ઈજનેરને સાથે રાખીને, ફરીયાદી અરજદાર શ્રી ના સવાલવાળા જોડાણ ના સ્થળ ની ચકાસણી કરી અને ચકાસણી રીપોર્ટ / રોજકામ ( જે – જોડાણકાર ને સાથે રાખીને, જોડાણકાર ની, સ્થળ ચકાસણી રીપોર્ટ / રોજકામ મા સહી મેળવીને કરાયેલ ચકાસણી અહેવાલ) કરવાને બદલે, ઓડિટર શ્રી એ, સવાલવાળા સ્થળ ની, તેઓ શ્રી ની અંગત રાહ ની મુલાકાત કરી – અને કોઈપણ પ્રકાર નો ચકાસણી રીપોર્ટ, જે જોડાણકાર ની સહી સાથે નો રીપોર્ટ તૈયાર કર્યા વગર જ, સદર કેઈસ મા, '' વીજકર ની તફાવતીય રીકવરી'', જે પ્રાશ્ર્યાત અસરથી કરવા બાબતે ની દરખાસ્ત, જે કચેરી મા રજુ કરેલ હતી. ખુદ પીજીવીસીએલ પક્ષકારે આ બાબત સ્વીકારેલ છે. અને તે મુજબ નો અહેવાલ ફોરમ કમિટી સમક્ષ રજુ કરેલ છે. |
| ૩.૩ | સદર કેઈસ મા, પીજીવીસીએલ ના સબંધક ઓડિટર તરફથી કરાયેલ સવાલવાળી '' વીજકર ના દર તબ્દીલી'' બાબતે ની સદર કાર્યવાહી, જે મુદદા નં. ૩.૧ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની, વીજવીતરણ કંપની મા પ્રસ્થાપિત થયેલ નિયમાધીન પ્રણાલી અંતર્ગત ની નથી. તેમજ, સદર કાર્યવાહી, જે રેકર્ડ આધારીત સમર્થન આપતી બાબત પણ નથી. આ મુજબ ની હકીકતો, સદર કેઈસ મા, ફોરમ કમિટી ને જણાયેલ છે. જેથી, આ મુજબ ની – વીજવીતરણ કંપની ના પ્રસ્થાપિત નિયમાધીન પ્રણાલી બહાર ની – અને દસ્તાવેજીક પેપર્સ ના સમર્થન વગર ની – સદર સવાલવાળી કાર્યવાહી અંતર્ગત ની, '' વીજકર તબ્દીલી'' અન્વયે ની પ્રાશ્ર્યાત અસરથી ગણતરી મા લેવાયેલ, એવી સવાલવાળા પુરવણીબીલ ની રકમ રૂ.૧૯,૨૯૭/– ની રીકવરી, જે ફરીયાદી અરજદાર પાસેથી વસુલ કરવાની બાબત, વીજવીતરણ કંપની ના પ્રસ્થાપિત નિયમ ને આનુષાંગીક રહેતા યોગ્ય અને વ્યાજબી નથી. આવા નિયમાધીન કારણોસર, ફરીયાદી અરજદાર પાસેથી, સવાલવાળી રકમ રૂ.૧૯,૨૯૭/– ની રીકવરી, ન કરવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદ્દા નં.-૪:

**હુકમ**

૪.૧ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે ને આનુષાંગીક રહીને, મુદ્દા નં. ૩.૩ મુજબ ની વિગતે, સદર કેઈસ મા, ફરીયાદી અરજદાર પાસેથી, સવાલવાળી રકમ રૂ.૧૯,૨૯૭/- ની રીકવરી ન કરવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે.

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..